મહામહોત્સવપૂર્વક પ્રવેશ કરાવ્યો. અહીં પાટણમાં એક દિવસ તેમને વાદીસિંહ નામના સાંખ્ય વિદ્વાન સાથે શાસ્ત્રાર્થ થયો. વાદીસિંહ સામે વીરાચાર્યનો વિજય થયો. સિદ્ધરાજે આ પ્રસંગે તેમને જયપત્ર આપ્યું. પાટણની સભામાં દિગંબરાચાર્ય કમલકીર્તિ સાથે પણ વીરાચાર્યનો સફળ શાસ્ત્રાર્થ થયો.

શ્રી વીરાચાર્યના જન્મ, દીક્ષા આદિ સંબંધી સાલ, વાર આદિના ઉલ્લેખ મળતા નથી. તેઓ પાટણનરેશ સિદ્ધરાજ જયસિંહની સભાના સન્માન્ય વિદ્વાન હતા. સિદ્ધરાજ જયસિંહનો શાસનકાળ વિ. સં. ૧૧૫૦ થી ૧૧૯૯ સુધી મનાય છે. એ આધારે શ્રી વીરાચાર્ય વિક્રમની બારમી શતાબ્દીના વિદ્વાન આચાર્ય સિદ્ધ થાય છે.

---

## ખરતરગચ્છના મહાન જ્યોતિર્ધર, પરમ પ્રભાવી અને 'દાદા'ના નામથી સુપ્રસિદ્ધ

# આચાર્યશ્રી જિનદત્તસૂરિજી મહારાજ

શ્રી જિનદત્તસૂરિ ખરતરગચ્છ પરંપરાના મહાન જ્યોતિર્ધર પરમ પ્રભાવી આચાર્ય હતા. ખરતરગચ્છમાં તેમનું નામ ઘણા જ આદરપૂર્વક લેવામાં આવે છે. તેમની પ્રસિદ્ધિ "દાદા" તરીકે છે. "દાદા" શબ્દ મહાન પૂજ્યભાવનો પ્રતીક છે.

'ગુર્વાવલી'ના આધારે શ્રી જિનદત્તસૂરિ શ્રી જિનવલ્લભસૂરિના પટ્ટધર હતા અને શ્રી જિનવલ્લભસૂરિ નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિના પટ્ટધર હતા. શ્રી જિનદત્તસૂરિના દીક્ષાગુરુ ઉપાધ્યાય ધર્મદેવ અને શ્રી જિનવલ્લભસૂરિના દીક્ષાગુરુ ચૈત્યવાસી જિનેશ્વરસૂરિ હતા. શ્રી જિનવલ્લભસૂરિના દીક્ષાગુરુ ચૈત્યવાસી જિનેશ્વરસૂરિ હતા. શ્રી જિનવલ્લભસૂરિ શ્રી અભયદેવસૂરિ પાસે જિનાગમનું ઊંડું જ્ઞાન મેળવી, ચૈત્યવાસી પરંપરાનો ત્યાગ કરી સુવિહિતમાર્ગી બન્યા હતા.

શ્રી જિનદત્તસૂરિનો જન્મ વૈશ્યવંશ હુમ્બડ ગોત્રમાં વિ. સં. ૧૧૩૨ માં થયો. ધવલકપુર (ધોલકા) નિવાસી શ્રેષ્ઠિ વાચ્છિગના તેઓ પુત્ર હતા. તેમની માતાનું નામ વાહડદેવી હતું. બાલ્યકાળમાં જિનદત્તસૂરિને સહજ ધાર્મિક વાતાવરણ પ્રાપ્ત થયું હતું. એક વાર ધોલકામાં જિનેશ્વરસૂરિના શિષ્ય ઉપાધ્યાય ધર્મદેવની આજ્ઞાનુવર્તિની સાધ્વીઓનું ચાતુર્માસ થયું. તેઓની પાસે પુત્રને લઈ વાહડદેવી ધર્મકથા સાંભળવા માટે જતી. ધર્મકથાઓ સાંભળવાથી બાળકના મનમાં વૈરાગ્યભાવ જાગૃત થયો. મુનિજીવન સ્વીકારવાની ઇચ્છા થઈ. બાળકના શરીર ઉપર શુભચિહ્ન તો હતાં જ, જે તેના સુંદર ભવિષ્યને જણાવતાં હતાં. સાધ્વીઓએ બાળકને ધર્મસંઘમાં અર્પણ કરવા વાહડદેવીને પ્રેરણા કરી. ધર્માનુરાગિણી વાહડદેવી પણ આ કાર્ય માટે તૈયાર થતાં ઉપાધ્યાય ધર્મદેવે બાળકને વિ. સં. ૧૧૪૧ માં દીક્ષા આપી. નવદીક્ષિત મુનિનું નામ સોમચંદ્ર રાખવામાં આવ્યું. એ સમયે બાલમુનિ સોમચંદ્રની વય નવ વર્ષની હતી.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

બાલમુનિ સોમચંદ્રએ ભાવડાગચ્છના આચાર્ય પાસે પંજિકાનું (પ્રાથમિક) જ્ઞાન મેળવ્યું અને હરિસિંહસૂરિ પાસે સૈદ્ધાંતિક વાચના ગ્રહણ કરી, તથા મંત્રવિદ્યાનું શિક્ષણ મેળવ્યું. મુનિ સોમચંદ્રની શીઘ્રગ્રાહી પ્રજ્ઞાથી હરિસિંહસૂરિ ખૂબ પ્રસન્ન થયા. તેમણે આગમિક જ્ઞાનદાન સાથે પોતાની અધ્યયન સંબંધી સામગ્રી પણ બાળમુનિને પ્રસન્નતાપૂર્વક આપી. મુનિ સોમચંદ્રએ ઉત્તરોત્તર જૈનદર્શનનો ગહન અભ્યાસ કર્યો અને તેમાં ઘણી પ્રસિદ્ધિ મેળવી. ઉપરાંત, તેમણે વિદ્યાસાધના દ્વારા અનેકવિધ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી અને આ યોગવિદ્યાના બળે અનેક ચમત્કારિક ઘટનાઓ અને અપૂર્વ શાસનપ્રભાવના થઈ હતી. ચિતોડમાં વિ. સં. ૧૧૬૯ માં વૈશાખ વદિ છઠ્ઠ ને શનિવારે શ્રી દેવભદ્રાચાર્યે તેમને આચાર્યપદે સ્થાપી જિનદત્તસૂરિ નામથી આચાર્ય જિનવલ્લભસૂરિની પાટે સ્થાપન કર્યા.

આચાર્ય જિનદત્તસૂરિના યુગમાં રાજ્યાશ્રયને લીધે ચૈત્યવાસી પરંપરાનું બળ ઘણું હતું. સુવિહિત વિધિમાર્ગ પર ચાલનાર જૈનાચાર્યો માટે કસોટીનો યુગ હતો. જિનદત્તસૂરિએ પોતાની સૂઝબૂઝથી ધર્મવિસ્તારનાં નવાં દ્વાર ખોલ્યાં, નવા નિયમ બનાવ્યા અને ખરતરગચ્છનું પ્રવર્તન કર્યું. મારવાડ, મેવાડ, સિંધ, પંજાબ વગેરે ઉત્તર ભારતના અનેક પ્રદેશોમાં વિચરી તેમણે નવા જૈનો બનાવવાનું કાર્ય મોટે પાયે કર્યું. તેમાંયે મારવાડમાં તો તેઓ કલ્પવૃક્ષ સમાન પ્રભાવી બન્યા હતા. અનેક ચૈત્યવાસીઓ અને માહેશ્વરીઓને પોતાના જૈન બનાવ્યા હતા. ઘણા ચૈત્યવાસી યતિઓ તેમના શિષ્ય બન્યા હતા. બિકાનેર વગેરે રાજ્યોમાં તેમના પ્રભાવે ભાવુક ભાઈ-બહેનોએ દીક્ષા અંગીકાર કરી હતી. રાજાઓ, રાજ્યના મોટા કર્મચારીઓ, શ્રેષ્ઠિઓ અને ઇતરધર્મીઓ તેમના પ્રભાવે જૈન બન્યા હતા. જૈનોની આ સંખ્યાવૃદ્ધિ ખરતરગચ્છને મજબૂત અને સમૃદ્ધ કરવામાં ઘણી સહાયક થઈ હતી. શ્રી જિનદત્તસૂરિએ વિ. સં. ૧૨૧૧ માં, બિકાનેરમાં શ્રી જિનચંદ્રને પોતાની પાટે સ્થાપન કર્યા. ખરતરગચ્છમાં આચાર્યોનાં નામ પહેલાં 'જિન' શબ્દ જોડવાનું ત્યારથી ચાલુ થયું છે. તેમણે ૧૦ વાચનાચાર્ય અને ૫ મહત્તરાઓ બનાવી હતી.

સાહિત્યસર્જન : શ્રી જિનદત્તસૂરિ પ્રાકૃત—અપભ્રંશ ભાષાના અધિકારી વિદ્વાન હતા. તેમણે ગણધર સાર્ધશતક (પ્રાકૃત), સંદેહદોલાવલી (પ્રાકૃત), ગણધરસપ્તતિ (પ્રાકૃત), વિઘ્નવિનાશી સ્તોત્ર (પ્રાકૃત), વ્યવસ્થાકુલક (પ્રાકૃત), પ્રાકૃતવિંશિકા (પ્રાકૃત) ઉપદેશ રસાયન (અપભ્રંશ), કાલસ્વરૂપ (અપભ્રંશ) ચર્ચરી (અપભ્રંશ) આદિ ગ્રંથો લખ્યા છે. તેમની કૃતિઓ સ્તુતિ રૂપે અને ઉપદેશાત્મક છે. તેમની કૃતિઓમાં ગણધર સાર્ધશતક ઉત્તમ છે. તેમાં ૧૫૦ ગાથા છે. ૩૫ આચાર્યોના ઇતિહાસની સામગ્રી તેમાંથી મળે છે.

શ્રી જિનદત્તસૂરિ અનશનપૂર્વક વિ. સં. ૧૨૧૧ માં અજમેરમાં સ્વર્ગવાસ પામ્યા. શ્રાવકોએ તે સ્થળે સમાધિસ્તૂપ બનાવરાવ્યો હતો, જેની પ્રતિષ્ઠા મહોત્સવપૂર્વક થઈ હતી. અજમેરમાં ત્યાર પછી શ્રાવકોએ શ્રી પાર્શ્વનાથ દેરાસર અને તેમના નામની 'દાદાવાડી' બનાવ્યાં, જે આજે વિદ્યમાન છે.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org